**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં આજથી શિવશકિત મહાયાગ

## જય અંબે પરિવાર આયોજિત ત્રિદશાબ્દી મહોત્સવ ઉજવણીનો પ્રારંભ : યજ્ઞ પૂર્વે જલયાત્રા અને આનંદના ગરબામાં ભાવિકો જોડાયા









ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની જાણીતી ધાર્મિક અને સામાજીક સંસ્થા જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવ નિમિત્તે શિવશકિત મહાયાગના પ્રાંરભ પૂર્વ શહેરમાં આજે ધામધૂમથી જલયાત્રા નીકળી હતી. જેમાં ઢોલ શરણાઈના સૂર સાથે આશરે ત્રણ કિલોમીટરની જલયાત્રા નીકળી હતી. જેમાં ટેકવોન્ડોના યુવાનો દ્વારા કરતબ પ્રદર્શિત કરાયા હતા તથા પ્રાચિન-અર્વાચિન ઢબે ગરબા પ્રસ્તુત કરાયા હતા. સાથે બુલેટ સવારો દ્વારા સમગ્ર જલયાત્રાનું એસ્કોટીંગ કરવામાં આવ્યું હતું.

શહેરની સે-૧૩-બી સ્થિત જાણીતી ધાર્મિક સંસ્થા જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા વર્ષોથી ગાંધીનગરથી અંબાજી રથયાત્રાનું આયોજન થાય છે. સાથે સાથે આ વર્ષે સંસ્થા દ્વારા ત્રિદશાબ્દી ભકિતવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં સંસ્થા દ્વારા ઘણા કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે તે અંતર્ગત સંસ્થા દ્વારા ત્રિદશાબ્દી મહોત્સવના યજ્ઞ પૂર્વે હિમ શિખરના પવિત્ર કૈલાશ માનસરોવર, ગંગોત્રી, ભગીરથી, અલકનંદા, કન્યાકુમારી, નર્મદા સહિતના પવિત્ર સ્થાનેથી એકત્રિત કરેલા જલની જલયાત્રા યોજાઈ હતી. જે જળ ભરેલા કળશોને શિરતાજ કરી પરિવારની દિકરીઓ-બહેનો તથા મહિલાઓએ જલયાત્રામાં ભાગ લીધો હતો.




જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ત્રિદશાબ્દી ભકિત મહોત્સવ અંતર્ગત ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનોએ ભાગ લીધો હતો.

જલયાત્રા અંતર્ગત નર્વાણ મંત્રપોથીઓ અને દેવદેવીઓની વેશભૂષામાં સજ્જ બાળકો આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. સમગ્ર યાત્રા સુવર્ણ રંગે સજાવેલ બગી તેમજ ડી.જેના સૂરે સે-૧૩-બી, સે-૧૩-સી અને શોપીંગ સેન્ટર ફરતે લગભગ ત્રણેક કિલોમીટર અંતરની યાત્રામાં હિંમતનગરના પ્રખ્યાત વાજાબેન્ડની ટીમે નોખા ડાન્સ સાથે યાત્રાની શોભા વધારી હતી. આ સાથે સ્વરક્ષણના ટેકવોન્ડો પધ્ધતિના તાલીમબધ્ધ બાળકો અને યુવાનો દ્વારા એક હાથે ટાઈલ્સ તોડવા સહિતના કરતબો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શહેરની સંસ્થા કલાવૃંદ પનઘટની દિકરીઓ દ્વારા પ્રાચીન-અર્વાચીન ઢબે ગરબાની પ્રસ્તુતિ કરાઈ હતી. જલયાત્રામાં ૭ બુલેટ સવારોએ સમગ્ર જલયાત્રાનું એસ્કોટીંગ કર્યુ હતું. જલયાત્રામાં શહેરીજનો, સંસ્થાના સભ્યો, સેકટરના રહીશો સાથે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે ગાંધીનગરમાં

● જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ત્રિદશાબ્દી ભકિત મહોત્સવ અંતર્ગત આજે ૯ વાગ્યે શિવશકિત મહાયાગ પ્રારંભ, ૧૧ કલાકે ચંડીપાઠ તથા મંત્રજાપ અને લેખન, ૨.૩૦ કલાકે મહારૂદ્ર હોમ, ૫.૩૦ કલાકે સાયં આરતી અને રાત્રે ૮ કલાકે સાંઈરામ દવેનો ડાયરો યોજાશે.



દર વર્ષની જેમ આ વર્ષે પણ લોહાણા યુવા સંગઠન દ્વારા યોજાતી ગાંધીનગરથી વીરપુર ૨૩મી પદયાત્રાનું પ્રસ્થાન મંગળવારના રોજ સવારે બાપાના રથ સાથે કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના કાર્યકરો સેવકો અને કુલ ૭૨થી વધુ પદયાત્રીઓ જોડાયા છે.

## જ માર્ગ પર કારની અડફેટે બે મહિલાઓને ઈજા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના જ માર્ગ પર એકસેસને પાછળથી કોઈ અજાણ્યા કાર ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એકસેસ પર સવારે બે મહિલાઓને શરીરે ઈજાઓ પહોંચી હતી. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ધ્રુવલબેન જૈમિનભાઈ પંડિત (ઉં.વ.-૩૭ રહે. ઈ ટાવર સરકારી વસાહત વસ્ત્રાપુર) અમદાવાદ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. જયારે તેમના પતિ જૈમિનભાઈ ગાંધીનગર ખાતે સરકારી નોકરી કરે છે. ગતરોજ ફરીયાદી અને તેમના સાસુ તેમનું એકસેસ જી.જે.૧૨.ડી.ઈ.-૫૬૪૩ લઈને ગાંધીનગરના સેકટર-૯ થી સરિતા ઉદ્યાન તરફ થઈને ઈન્દ્રોડા સર્કલ તરફ બપોરના બે વાગ્યાના અરસામાં આવી રહ્યા હતા. તે સમયે જ માર્ગ પરથી પસાર થઈ રહેલી બોલેરા કારના ચાલકે અચાનક પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ફરીયાદી અને તેમના સાસુ નીચે પડી જતા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજા પહોંચી હતી. જયારે અકસ્માત સર્જીને કાર ચાલક ભાગી ગયો હતો. પરંતુ ગાડીનો નંબર એચઆર સિરીઝનો હતો તે ફરીયાદીએ જોયેલ છે. બન્ને મહિલાઓને અકસ્માતને પગલે શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર માટે લઈ જવાયા હતા.બનાવ અંગે પોલીસે ફરીયાદ લઈ અજાણ્યા વાહન ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૯.૩૦, ૧૨.૪૦, ૩.૫૦, ૪.૨૦, ૭.૦૦, ૧૦.૧૦

**ઉડજા ચમન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૦, ૧૦.૨૦

**સાંઢ કી આંખ**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૨૦

**મેડ ઈન ચાઈના** -૧.૧૦

**વોર**- ૭.૧૦

## પંડિત જવાહરલાલ નહેરૂની ૧૩૦મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા.૫

પંડિત જવાહરલાલ નહેરૂની ૧૩૦મી જન્મજયંતી નિમિત્તે તા.૧૪મી નવેમ્બર-૨૦૧૯ના રોજ વિધાનસભા ખાતે અધ્યક્ષશ્રી દ્વારા પુષ્પાંજલિ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સવારે ૧૧-૦૦ કલાકે ગુજરાત વિધાનસભાના પ્રથમ માળે આવેલ પોડિયમમાં તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરવામાં આવશે. પંડિત નહેરૂજીને પુષ્પાંજલિ આપવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા વિધાનસભાના સચિવશ્રી દ્વારા નિમંત્રણ આપવામાં આવે છે.

## કચ્છથી કામખ્યા જવા નીકળેલી ૩૩૦૯ કિમીની સાયકલ રેલીનું ગાંધીનગર ખાતે સ્વાગત-સન્માન

### લાયન્સ કલબ આયોજિત રેલીનું ગાંધીનગર એકમે સ્વાગત કર્યા બાદ ૩૦ સભ્યો ચ-૦ થી ઘ-૭ સુધી રેલીમાં જોડાયા




ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના આંગણે આજે 'કચ્છથી કામખ્યા' જવા નીકળેલી લાયન્સ કલબની સાયકલ સવારી સવારના ખુશનુમા વાતાવરણમાં આવી પહોંચી હતી. આ સાયકલ રેલીનું લાયન્સ કલબ ઓફ ગાંધીનગરે ચ-૦ સર્કલે સ્વાગત સન્માન કર્યું હતું. તેમજ સંસ્થાના સભ્યો ચ-૦ થી ચિલોડા સુધી સાયકલ રેલીમાં જોડાયા હતા. સાયકલ રેલીના સ્વાગત સન્માન પ્રસંગે ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

દેશભરમાં પાણીના બેફામ વ્યયને અટકાવી પાણી બચાવવાના તથા પર્યાવરણને અનુલક્ષીને પ્લાસ્ટિકનો ઉપયોગ નહી કરવા તથા ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવા જાગૃતિ ફેલાવવાના હેતુથી લાયન્સ કલબ દ્વારા 'કચ્છ થી કામખ્યા' સુધીની ૩૩૦૯ કિલોમીટર લાંબી સાત રાજયોને આવરી લેતી સાયકલરેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીમાં જોડાયેલા ૧૧ સાયકિલસ્ટ કચ્છથી નીકળી ગાંધીનગર આવી પહોંચ્યા હતા જયાં લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ચ-૦ સર્કલ ખાતે તેમનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર ઉપરાંત લાયન્સ કલબના ડિસ્ટ્રીકટ કેબિનેટ ટ્રેઝરર હરીશ ત્રિવેદી, ડિસ્ટ્રીકટ કેબિનેટ ઓફિસર એલ.કે. વાઘેલા અને લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના પ્રેસિડેન્ટ રાજેશ ગૌડા સહિત સંસ્થાના હોદ્દેદારો-સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે 'કચ્છથી કામખ્યા' સુધીની સાયકલ રેલીમાં લશ્કરી અધિકારી, આઈપીએસ અધિકારી, તબીબો જેવી પ્રતિષ્ઠિત વ્યકિતઓનો સમાવેશ થાય છે.

ચ-૦ સર્કલે સ્વાગત-સન્માન બાદ લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના ૩૦ જેટલા સભ્યો પણ રેલીમાં ઘ-૭ સુધી જોડાયા હતા. ચિલોડા-હિંમતનગર હાઈવે પર સિકસલેન ના ચાલી રહેલા કામને અનુલક્ષીને રેલીનો રૂટ વિજાપુર તરફ ડાયવર્ટ કરાયો હતો. કામખ્યા પહોંચી રેલી આંતરરાષ્ટ્રીય સાયકલ રેલીમાં ફેરવાશે જે ભૂટાન થઈને નેપાળ સુધી જશે.

## ગુરૂવારે શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની નવેમ્બર માસની માસિક બેઠક તા. ૭ નવેમ્બરના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪ કલાકે સે-૨૨ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે.

આ બેઠકમાં ૭૫ વર્ષ પૂર્ણ થયા હોય તેવા વરિષ્ઠ સભ્યોને સન્માનવાનો અમૃત મહોત્સવ યોજવાનો હોવાથી તે અંગે ચર્ચા વિચારણા કરવાની હોવાથી સંસ્થાના મંત્રી રમણલાલ એમ. શ્રીમાળી દ્વારા સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

## ખોરજ પેટ્રોલ પંપ પાસે બે બાઈક સામસામે અથડાતા એકને ઈજા

ગાંધીનગર, તા.૫

અમદાવાદ કાળીગામ ઠાકોરવાસ નાઈની ખડકી ખાતે રહેતા થાનેશ્વરસિંહ માનસિંહ ચૌહાણ (ઉં.વ.૩૪ ) છેલ્લા આઠ વર્ષથી ભાડના મકાનમાં પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવરની નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગતરોજ રાત્રીના આઠ વાગ્યાના અરસામાં થાનેશ્વર પોતાની ટ્રક આઈ.સી.ડી. ખોડીયાર પાર્ક કરી ફરીયાદીના મિત્રનું બાઈક નં.જી.જે.૧૮.એ.કે.૧૨૯૯ લઈને ઘરે જઈ રહ્યા હતા તે સમયે ખોરજ પેટ્રોલ પંપ કટ ખાતે થી માર્ગ ક્રોસ કરતો હતો તે સમયે ગાંધીનગર તરફથી એક બાઈક ચાલક પુર ઝડપે ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના બાઈકને ડાબી બાજુના ભાગે અથડાવી અકસ્માત સર્જયો હતો. જેથી થાનેશ્વરસિંહ નીચે પડી ગયા હતા અને ડાબા પગે ઈજા પહોંચતા ૧૦૮ મારફતે તાત્કાલીક સોલા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જયા ડોકટરે તપાસ કરતા ડાબા પગે ફ્રેકચર હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે બાઈક ચાલક અકસ્માત સર્જીને ભાગી છુટ્યો હતો. જેથી ફરિયાદીએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા બાઈક ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ આદરી છે.

## ચિરવિદાય

- સ્વ. કુમુદચંદ્ર ડાહ્યાલાલ દવે, ઉ.વ. ૭૧
- સ્વ. શાંતાબેન કચરાજી ઠાકોર, ઉ.વ. ૭૧
- સ્વ. શોભનાબેન વિક્રમજી ઠાકોર, ઉ.વ. ૩૮
- સ્વ. તારાબેન યાદવભાઈ બોરસે, ઉ.વ. ૫૮
- સ્વ. કિશોરભાઈ ચંદુલાલ વાઘેશ્વરી, ઉ.વ. ૫૭
- પુરીબેન, ઉ.વ. ૭૭
- ભરતકુમાર પુરૂષોત્તમદાસ જોશી, ઉ.વ. ૭૧